| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪/૦૮/૨૦૧૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૪/૦૮/૨૦૧૬ |
| ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં.–૧૧૫૨/૨૦૧૬**
આંક–

**ફરિયાદીઃ– શ્રી સરકાર**

**–– //<u>વિરૂધ્ધ</u> //––**

**આરોપીઓઃ– (૧) રવિન્દ્રસિહ કાથલજી કંચવા**
જાતે ગીરા ઉવ.૩૭
રહે. મેઘપર ગામ
તા.લાલપુર જી. જામનગર

**(૨) જયરાજસિહ કાથળજી કંચવા**
જાતે ગીરા, ઉ.વ.૩૩
રહે. મેઘપર ગામ
તા.લાલપુર જી. જામનગર

---

**ગુન્હો–ઇ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો...**

---

-------------------------------------

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.કે.પટેલ

આરોપીયો પક્ષ તર્ફે વિ.વકીલ શ્રી સી.એમ.રાણા

-------------------------------------

## -// ચુકાદો //-

(૧).. આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, મેઘપર પડાણા પો. સ્ટે. ગુના રજી. નં. ૪૬/૨૦૧૬ થી તા.૧૨/૦૫/૨૦૧૬ ના રોજ ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર જયદીપસિંહ નવલસિંહ જાડેજાનાએ આરોપીઓ વીરુધ્ધ એ મતલબની ફરીયાદ આપેલ છે કે, તા. ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ આશરે સાંજના ૫.૦૦ વાગ્યે ફરીયાદી તથા તેમના નાના ભાઇ કુલદીપસિંહ નવલસિંહ જાડેજા તથા ફરીયાદીના કાકા દશરથસિંહ શીવુભા જાડેજા અને બીજા કાકા જીતેન્દ્રસિંહ પથુભા જાડેજા એ રીતેના તેઓ ઓફીસેથી ઘર તરફ જતા હતા ત્યારે રસ્તામાં તૃપ્તિ હોટલ નજીક સર્વીસ સ્ટેશન પાસે ફરીયાદીના ગામના જયરાજસિંહ કાથળજી કંચવા તથા રવિન્દ્રસિંહ કાથળજી કંચવા બંને પાસે એક એક પાઇપ હતો અને જયરાજસિંહ પાસે એક લાકડાનો ધોકો હતો. તેઓએ ફરીયાદી લોકો કંઇ બોલે તે પહેલા સીધો જ ઝગડો કરવા લાગેલા અને ફરીયાદીને ડાબા હાથમાં, પગમાં, વાંસામાં, માથામાં મુંઢ ઇજાઓ કરેલ અને ફરીયાદીના ભાઇ કુલદિપસિંહને ડાબા હાથની આંગળીમાં, પગમાં, વાંસામાં મુંઢ ઇજાઓ કરેલ અને દશરથસિંહ ગોઠણ તથા વાંસામાં માર મારેલો. જીતેન્દ્રસિંહ પથુભાને ખંભામાં, છાતીમાં માર મારી મુંઢ ઇજાઓ કરેલ, કુલદિપસિંહને હાથની આંગળીમાં નખ નીકળી જતા લોહી નીકળેલ અને આ બનાવ વખતે આરોપીઓએ પોતાના હથિયાર સાથે સફેદ કલરના એકટીવા મોટરસાયકલમાં જતા રહેલા અને જપાજપીમાં ફરીયાદી લોકોના કપડા ફાડી નાખેલા અને આરોપીઓ જતા હતા ત્યારે એવુ કહેલ કે, " અમારા ઘર પાસે જો નવી નિશાળ થાશે તો તમોને જીવતા રહેવા દેશુ નહી, જાનથી મારી નાખીશુ" તેમ ધાક ધમકી આપી જતા રહેલા. ત્યારબાદ ફરીયાદી લોકોને ૧૦૮ એમ્બયુલન્સ વાહનમાં જી.જી. હોસ્પીટલમાં સારવાર માટે લઇ ગયેલા અને ત્યા તેઓની સારવાર થયેલી અને આ બનાવનુ કારણ એવુ છે કે, આરોપી લોકોના રહેણાંક પાસે એક સરકારી પ્રાથમીક શાળા છે તે ખુબજ જુની થઇ જતા ડેમેઝ રીપોર્ટ મળેલ હોય અને નવી નિશાળ બનાવવાની છે અને

આરોપીઓ નવી નિશાળ બનાવવા સામે વિરોધ કરતા હોય અને નિશાળની જગ્યામાં આરોપીઓ ૭-૮ ફુટનો રસ્તો બનાવી તેનો ઉપયોગ કરતા હોય અને તેઓને નિશાળ દુર કરવી હોય, જયારે સરપંચ અને ગ્રામજનો નિશાળ તેની મુળ જગ્યાએ જ રાખવા માંગતા હોય આ બાબતે મનદુ:ખ રાખી આ બનાવ બનેલો છે તે મતલબની ફરીયાદ દાખલ થયેલ છે.

(૨).. ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીયોની અટક કરેલ છે અને કોર્ટ રૂબરૂ રજુ કરતા આરોપીયોને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલા છે.

(૩).. ત્યારબાદ ત.ક.અમલદારે તપાસ કરતા આરોપીયો વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ જેથી ત.ક.અમલદારે આરોપીયો સામે ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનુ ચાર્જશિટ દાખલ કરેલ છે.

(૪).. આરોપીયો સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ અને આરોપીયો જામીન મુક્ત થયેલા હોઈ જેથી ધોરણસરનો સમન્સ આરોપીયોને કાઢવામાં આવેલ છે જે બજી જતા આરોપીયો હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૫).. આ ગુનાના કામે આરોપીયો સામે તહોમતનામું ફરમાવવા માટે પુરતા પુરાવા હોઈ જેથી આરોપી ઓ સામે આંક-૩૭ થી ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનું તહોમતનામું ફરમાવેલ છે અને આંક-૩૮ થી ૩૯ સુધી આરોપીઓના જવાબ લેવામાં આવેલ છે જેમાં તેઓએ આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરેલ છે જેથી આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૬).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવા:</u>-

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫૩ | સાહેદ ડો. નીધી કંચન વોરાની સોગંદ પરની જુબાની |
| ૨ | ૮૦ | ફરીયાદી જયદીપસિંહ નવલસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની |
| ૩ | ૯૪ | પંચ સાહેદ કનૈયાલાલભાઇ સાજણભાઇ મોરીની સોગંદ પરની જુબાની |
| ૪ | ૯૬ | પંચ સાહેદ ઇશ્વરપરી પ્રેમપરી ગૌસ્વામીની સોગંદ પરની જુબાની |
| ૫ | ૯૮ | પંચ સાહેદ ગોવિંદભાઇ ખેરાજભાઇ અસ્વારની સોગંદ પરની જુબાની |
| ૬ | ૧૧૦ | સાહેદ દશરથસિંહ શીવુભા જાડેજાની સોગંદ પરની જુબાની |
| ૭ | ૧૧૨ | સાહેદ ગણેશદાસ સુરામદાસ દાસની સોગંદ પરની જુબાની |
| ૮ | ૧૧૩ | સાહેદ કુલદીપસિંહ નવલસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની |
| ૯ | ૧૨૮ | સાહેદ જીતેન્દ્રસિંહ પથુભા જાડેજાની સોગંદ પરની જુબાની |

**દસ્તાવેજી પુરાવાઃ**–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮૧ | ફરીયાદ |
| ૨ | ૯૫ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૯૭ | અટક પંચનામુ |
| ૪ | ૧૩૦ | કલોસીંગ પુરસીસ |

(૭).. ફરિયાદીનો પુરાવો પુરો થતા આરોપીયોના વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૮).. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ એવી હકીકત લઈ અદાલત સમક્ષ આવેલ છે કે, આરોપી નં. ૧ ના ઘર પાસે ગ્રામ પંચાયતની માલીકીની ખુલ્લી જગ્યા આવેલ જે જમીન પર આરોપી નં. ૧ નાએ ગેરકાયદેસર રીતે કબ્જો કરવા માંગતા હોય જે અંગે ફરીયાદીએ પોલીસમાં અરજી કરેલ હોય તે બાબતની અદાવતના કારણે ફરીયાદી તથા તેમના કાકાનો દિકરો કરશનભાઇ પોતાની વાડીએથી ગામમાં પોતાના ઘરે આવતા હતા ત્યારે આરોપી નં. ૨, ૪, ૫ અને ૬ નાઓએ ફરીયાદીની ગાડી રોકાવવા

પ્રયત્ન કરેલ પરંતુ ફરીયાદીએ ગાડી નહી ઉભી રાખતા તેમનો ત્રણ બાઈક થી પીછો કરી ફરીયાદી તથા સાહેદ કરશનભાઇ, સાહેદ કરશનભાઇ ના ઘર નજીક પહોંચેલ ત્યારે આરોપી નં. ૨, ૪, ૫ અને ૬ નાઓએ લોખંડના પાઇપ તથા ધારીયા, કુહાડી જેવા હથીયારો વડે તેઓને ઈજાઓ કરેલ જેમા આરોપી નં. ૬ એ ફરીયાદીને ધારીયા વડે ડાબા પગે તથા આરોપી નં. ૫ એ ફરીયાદીને કુહાડી વડે જમણા પગે તથા આરોપી નં. ૪ એ ફરીયાદીને પાઇપ વડે જમણા પગે ઘા મારી, ફ્રેકચર જેવી ઈજાઓ કરી તેમજ આરોપી નં. ૨ એ સાહેદ નં. ૬ ને વાંસામાં લોખંડના પાઇપ વડે ઘા મારી તેમજ આરોપી નં. ૧ તથા ૩ નાએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, મ્હે. જીલ્લા. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગંભીર ગુનો કરેલ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહીત પુરવાર કરેલ છે તેવી દલીલો કરી આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ ગુજારેલ છે.

સામા પક્ષે આરોપીયો તરફે વિ.વ.શ્રી નાએ પોતાની દલીલોમાં ફરીયાદપક્ષ આરોપીયો વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલ હોઈ જેથી આરોપીયોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૯).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// મુદ્દા//--**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે, આરોપીઓના મકાન પાસે નિશાળ આવેલ હોય અને ગામલોકો તથા સરપંચ આ જગ્યાએ જુની અને જર્જરીત નિશાળના બદલે નવી નિશાળની પરવાનગી મળતા તે જગ્યાએ નવી નિશાળ બનાવવા માંગતા હોય, જયારે આરોપીઓને આ નવી નિશાળ બનાવવા સામે વિરોધ કરતા હોય અને આરોપીઓને આ નિશાળની જગ્યા રસ્તા તરીકે તેનો ઉપયોગ કરવો હોય અને તે બાબતે મનદુ:ખ રાખી,

આરોપીઓએ મારક હથીયાર વડે ફરીયાદી તથા તેમની સાથેના માણસોને માર મારી, ઈજાઓ કરી તથા ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી તથા બનાવ વખતે આરોપીઓએ એકબીજાની ઉશ્કેરણી દ્વારા મદદગારી કરી ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો આચરેલ છે ?

**(૨)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં આ કામના આરોપીઓએ તે જાહેરનામાનો ભંગ કરી મારક હથયારો ધારણ કરી જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો આચરેલો છે ?

**(૩)** આખરી શું હુકમ ?

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) આખરી હુકમ.

-//<u>કારણો</u>//-

<u>**મુદ્દા ન.-૧ અને ૨**</u>-

**(૧૧)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૫૩ થી ડો. નિધિ કંચન વોરાને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, "તેઓ તા. ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે સાંજના ૦૬:૩૫ કલાકે દર્દી જીતેન્દ્રસિંહ પથુભા જાડેજા, ઉ.વ. ૪૦, રહે.

મેઘપર વાળાને તેમના કઝિન પ્રભાતભાઈ દ્વારા પોલીસ યાદી વિના સારવાર માટે લાવવામાં આવેલ હતા. તેઓ સદર દર્દીને ઈજા થયેલ અંગે પૂછતાં તેમણે હિસ્ટ્રીમાં જણાવેલ કે તેમને રવીન્દ્રસિંહ કાથડજી તથા ચહેરાતસિંહ કાથડજી દ્વારા લાકડી, પાઇપ તથા ધોકા વડે સાંજે આશરે ૦૫:૦૦ વાગ્યે મેઘપર મુકામે માર મારવામાં આવેલ હતો. સદર દર્દીને જમણા ખભાના પાછળના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને જમણા હાથમાં દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને ડાબા પગના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને છાતીની ડાબી બાજુ દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને વધુ સારવાર માટે ઓર્થોપેડિક તથા સર્જિકલ વોર્ડમાં રીફર કરવામાં આવેલ હતા. સદર દર્દીનો એક્સ–રે રિપોર્ટ નોર્મલ હતો. સદર દર્દીને થયેલ ઈજાઓ લાકડી, ધોકા તથા પાઇપ વડે થઈ શકે તે પ્રકારની હતી. સદર દર્દીને થયેલ ઈજાઓ અંદાજે ૮ થી ૧૦ દિવસમાં સારી થઈ શકે તે મુજબની હતી. આજરોજ તેમને કોર્ટ રેકોર્ડમાંથી દર્દી જીતેન્દ્રસિંહ પથુભાનું એમ.એલ.સી. સર્ટિફિકેટ બતાવવામાં આવેલ છે. તે સર્ટિફિકેટ તેમણે જોયેલ છે અને તે જ સર્ટિફિકેટ તેમના દ્વારા આપવામાં આવેલ હતું, જે દાખલા નં. ૫૪ તરીકે રજૂ થયેલ છે. આજરોજ તેઓ પોતાની સાથે દર્દી જીતેન્દ્રસિંહ પથુભાના એક્સ–રે રિપોર્ટ તેમજ સારવારના કાગળો લાવેલ છે, જે સંયુક્ત દાખલા નં. ૫૫ તરીકે રજૂ કરવામાં આવેલ છે. તે જ દિવસે સાંજના ૦૬:૩૮ કલાકે ૧૦૮ સ્ટાફની મદદથી દર્દી ભુપતસિંહ નવલસિંહ, ઉ.વ. ૨૦, રહે. મેઘપર વાળાને પોલીસ યાદી વિના સારવાર માટે લાવવામાં આવેલ હતા. સદર દર્દીને થયેલ ઈજા અંગે પૂછતાં તેમણે હિસ્ટ્રીમાં જણાવેલ કે તેમને રવીન્દ્રસિંહ કાથડજી તથા ચહેરાતસિંહ કાથડજી દ્વારા પાઇપ તથા ધોકા વડે સાંજે ૦૫:૦૦ વાગ્યે મેઘપર મુકામે માર મારવામાં આવેલ હતો. સદર દર્દીને તપાસતા ડાબા હાથની વચલી આંગળી ઉપર ૧ સેન્ટિમીટર × ૧ મિલીમીટરનું ઉજળાનું નિશાન જોવા મળેલ હતું. સદર દર્દીને પીઠના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને ડાબા પગના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને વધુ તપાસ માટે સર્જિકલ તથા ઓર્થોપેડિક વિભાગમાં રીફર કરવામાં આવેલ હતા. સદર દર્દીના એક્સ–રે રિપોર્ટ નોર્મલ હતા. સદર દર્દીને થયેલ ઈજાઓ પાઇપ તથા ધોકા વડે થઈ શકે તે પ્રકારની હતી. સદર દર્દીને થયેલ ઈજાઓ અંદાજે ૮ થી ૧૦ દિવસમાં

સારી થઈ શકે તે મુજબની હતી. આજરોજ તેઓ પોતાની સાથે સદર દર્દીના એક્સ-રે રિપોર્ટ તથા મેડિકલ સારવારના કાગળો લાવેલ છે, જે સંયુક્ત દાખલા નં. ૫૬ તરીકે રજૂ કરવામાં આવેલ છે. તે જ દિવસે સાંજના ૦૬:૩૫ કલાકે અન્ય એક દર્દી જયદીપસિંહ નવલસિંહ, ઉ.વ. ૨૩, રહે. મેઘપર વાળાને ૧૦૮ સ્ટાફની સાથે પોલીસ યાદી વિના સારવાર માટે લાવવામાં આવેલ હતા. સદર દર્દીને થયેલ ઈજા અંગે પૂછતાં તેમણે હિસ્ટ્રીમાં જણાવેલ કે તેમને રવીન્દ્રસિંહ કાથડજી તથા ચહેરાતસિંહ કાથડજી દ્વારા ધોકા તથા પાઈપ વડે સાંજે ૦૫:૦૦ વાગ્યે મેઘપર મુકામે માર મારવામાં આવેલ હતો. સદર દર્દીને ડાબા હાથના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને ડાબા પગના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને પીઠના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને વધુ તપાસ માટે ઓર્થોપેડિક વિભાગમાં રીફર કરવામાં આવેલ હતા. સદર દર્દીના એક્સ-રે રિપોર્ટ નોર્મલ હતા. સદર દર્દીને થયેલ ઈજાઓ ધોકા તથા પાઈપ વડે થઈ શકે તે પ્રકારની હતી. સદર દર્દીને થયેલ ઈજાઓ અંદાજે ૮ થી ૧૦ દિવસમાં સારી થઈ શકે તે મુજબની હતી. આજરોજ તેમને કોર્ટ રેકોર્ડમાંથી દર્દી જયદીપસિંહ નવલસિંહનું ઈજા અંગેનું સર્ટિફિકેટ બતાવવામાં આવેલ છે, જેમાં તેમની સહી છે, જે રજૂ દાખલ આંક ૫૭ છે. આજરોજ તેઓ પોતાની સાથે સદર દર્દીના એક્સ-રે રિપોર્ટ તથા સારવારના કાગળો લાવેલ છે, જે સંયુક્ત દાખલ આંક ૫૮ તરીકે રજૂ કરવામાં આવેલ છે. તે જ દિવસે સાંજના ૦૬:૩૫ કલાકે દર્દી દશરથસિંહ શિવુભા, ઉ.વ. ૨૫, રહે. મેઘપર વાળાઓ પોલીસ યાદી વિના જાતે સારવાર માટે આવેલ હતા. સદર દર્દીને થયેલ ઈજા અંગે પૂછતાં તેમણે હિસ્ટ્રીમાં જણાવેલ કે તેમને રવીન્દ્રસિંહ કાથડજી તથા ચહેરાતસિંહ કાથડજી દ્વારા પાઈપ તથા ધોકા વડે સાંજે ૦૫:૦૦ વાગ્યે મેઘપર મુકામે માર મારવામાં આવેલ હતો. સદર દર્દીને પીઠના ભાગે દુખાવાની ફરિયાદ હતી તથા જમણા પગના ભાગે દુખાવાની ફરિયાદ હતી. સદર દર્દીને વધુ તપાસ માટે ઓર્થોપેડિક વોર્ડમાં રીફર કરવામાં આવેલ હતા. સદર દર્દીનો એક્સ-રે રિપોર્ટ નોર્મલ હતો. સદર દર્દીને થયેલ ઈજાઓ પાઈપ તથા ધોકા વડે થઈ શકે તે પ્રકારની હતી. સદર દર્દીને થયેલ ઈજાઓ અંદાજે ૮ થી ૧૦ દિવસમાં સારી થઈ શકે તે પ્રકારની હતી. આજરોજ તેમને કોર્ટ રેકોર્ડમાંથી સદર દર્દીનું ઈજા અંગેનું સર્ટિફિકેટ

બતાવવામાં આવેલ છે, જે તેમના દ્વારા સહી કરી આપવામાં આવેલ હતું અને જે રજૂ દાખલ આંક ૫૯ છે. આજરોજ તેઓ પોતાની સાથે સદર દર્દીના એક્સ–રે રિપોર્ટ તથા સારવારના કાગળો લાવેલ છે, જે સંયુક્ત દાખલ આંક ૬૦ તરીકે રજૂ કરવામાં આવેલ છે. "

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી આર.કે.કંચવા દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ચારેય દર્દીઓને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની ઈજાઓ હતી અને આ ચારેય દર્દીઓને થયેલ ઈજાઓ પડી જવાથી કે બોથડ પદાર્થ અથડાવવાથી થઈ શકે તે પ્રકારની ઈજાઓ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ચારેય દર્દીઓને સામાન્ય દુખાવાની ફરિયાદ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એક પણ દર્દીને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ ન હતા. આ સિવાય સરતપાસની હકીકતોનુ ખંડન કરે તેવી કોઇ હકીકત ઉલટતપાસમાં બહાર આવેલ નથી.

(૧૨).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૮૦ થી ફરીયાદી જયદીપસિંહ નવલસિંહ જાડેજાને** તપાસેલા છે. આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, " બનાવ તા. ૧૧/ ૦૫/ ૨૦૧૬ ના રોજ તેમની ઓફિસથી આશરે ૧૦૦ મીટર દૂર બનેલો હતો. તેમની ઓફિસ હોટલ તૃપ્તિની બાજુમાં, મેઘપર ગામમાં, પટેલ ટાવેલ્સની ઓફિસની પાછળ આવેલ છે. બનાવ સાંજના આશરે પાંચેક વાગ્યે બનેલો હતો. બનાવ વખતે તેઓ, તેમના કાકા જીતેન્દ્રસિંહ જાડેજા, દશરથસિંહ જાડેજા તથા તેમના નાના ભાઈ કુલદીપસિંહ જાડેજા વિગેરે તેમની ઓફિસેથી નિયત સમયે તેમના ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે તેમની ઓફિસથી આશરે ૧૦૦ મીટર દૂર હોટલ તૃપ્તિ નજીક સર્વિસ સ્ટેશન પાસે તેમના ગામના જયરાજસિંહ કંચવા, જેમના હાથમાં લાકડાનો ધોકો હતો તથા તેમના ભાઈ રવિન્દ્રસિંહ કંચવા, જેમના હાથમાં લોખંડનો પાઈપ હતો, તેઓ તેમની ગાડી વચ્ચે ઉતરી આવ્યા હતા. તેઓ કંઈ બોલે તે પહેલાં જ આરોપીઓએ બીભત્સ તથા બહુ ભુંડી ગાળો બોલવાની શરૂઆત કરી હતી. તેઓ કંઈ બોલે તે પહેલાં જ આરોપીઓએ તેમને માર મારવાનું શરૂ કર્યું હતું. જેમાં તેમને ડાબા હાથમાં,

પગમાં, વાંસામાં તથા માથાના ભાગે માર મારવામાં આવેલ હતો. તેમના નાના ભાઈ કુલદીપસિંહ જાડેજાને ડાબા હાથની આંગળી, હાથમાં, પગમાં તથા વાંસામાં માર મારવામાં આવેલ હતો. જેમાં ડાબા હાથની આંગળીમાં લોખંડનો પાઈપ વાગતાં તે આંગળીનો નખ નીકળી ગયેલ હતો તથા લોહી નીકળેલ હતું. તેમના કાકા જીતેન્દ્રસિંહ જાડેજાને છાતીના ભાગે, વાંસાના ભાગે, હાથમાં તથા પગમાં માર મારવામાં આવેલ હતો તેમજ તેમના કાકા દશરથસિંહ જાડેજાને પગના ઘૂંટણના ભાગે, વાંસામાં તથા હાથમાં માર મારવામાં આવેલ હતો. ત્યારબાદ રવિન્દ્રસિંહ કંચવા તથા જયરાજસિંહ કંચવા તેમના હથિયારો સાથે તેમની સફેદ રંગની એક્ટિવા ઉપર નાસી ગયેલ હતા અને જતા જતા તેમના કપડા ફાડી નાખેલ હતા તથા બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. રવિન્દ્રસિંહ કંચવા તથા જયરાજસિંહ કંચવાએ એમ પણ કહેલ હતું કે, જો ગામની પ્રાથમિક શાળા તેમના ઘર પાસે બનાવવામાં આવશે તો તેઓને જીવતા રહેવા દેશે નહીં. ત્યારબાદ તેઓએ ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર લીધેલ હતી. જેનો એમ.એલ.સી. રિપોર્ટ તેઓએ પોલીસને સબમિટ કરેલ હતો. આ બનાવનું મુખ્ય કારણ તેમના કાકા જીતેન્દ્રસિંહ જાડેજા ગામના સરપંચ હોવા તથા ગામના વિકાસના કાર્યો કરતા હોવા અંગેનું હતું. ગામમાં આવેલી સરકારી પ્રાથમિક શાળા ખૂબ જૂની થઈ ગયેલ હોવાથી તેનો ડેમેજ રિપોર્ટ આવેલ હતો અને ત્યાં નવી શાળા બનાવવાની હતી. જે શાળા જયરાજસિંહ કંચવા તથા રવિન્દ્રસિંહ કંચવાના ઘર પાસે આવેલી હતી. આ બંને વ્યક્તિઓ તે શાળાનો વિરોધ કરતા હતા તથા શાળાને ત્યાંથી ખસેડવા માંગતા હતા અને શાળાની જગ્યામાંથી ૭ થી ૮ ફૂટનો રસ્તો બનાવવા માંગતા હતા. ગામના સરપંચ જીતેન્દ્રસિંહ જાડેજા તથા ગ્રામજનો સરકારી પ્રાથમિક શાળાને તેની મૂળ જગ્યાએ જ બનાવવાનું કહેતા હતા. જેનો ખાર રાખી આ બંને વ્યક્તિઓ એટલે કે જયરાજસિંહ કંચવા તથા રવિન્દ્રસિંહ કંચવાએ તેઓને માર મારેલ હતો. આ બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલ હતી. તેમને અસલ એફ.આઈ.આર. ફરીયાદ બતાવવામાં આવેલ છે, જેમાં તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. સદર એફ.આઈ.આર. ફરીયાદને રજૂ દાખલ આંક–૮૧ આપવામાં આવેલ છે. તેઓ આરોપીઓને જોઈ ઓળખી શકે છે.

તેમાંથી એક આરોપી આજરોજ હાજર છે. આ તબક્કે તેઓએ કોર્ટમાં હાજર એક ઈસમ તરફ હાથનો ઈશારો કરી રવિન્દ્રસિંહ કંચવા તરીકે ઓળખી બતાવેલ હતા. સદર ઈસમનું નામ કોર્ટ દ્વારા પૂછવામાં આવતા તેણે પોતાનું નામ રવિન્દ્રસિંહ કાથળજી કંચવા હોવાનું જણાવેલ હતું. આ કામે આજરોજ આરોપી નં. ૨ જયરાજસિંહ કાથળજી કંચવાની હાજર નથી. તેમને મુદ્દામાલ હથિયારો બતાવવામાં આવે તો તેઓ તેને ઓળખી શકે છે. તેમને મુદ્દામાલ આર્ટિકલ નં. ૧ એક લોખંડનો પાઈપ બતાવવામાં આવતા તેમણે જણાવેલ કે આ જ પાઈપ બનાવમાં વપરાયેલ હતો. તેમને મુદ્દામાલ આર્ટિકલ નં. ૨ એક લાકડાનો ધોકો બતાવવામાં આવતા તેમણે જણાવેલ કે આ જ લાકડાનો ધોકો બનાવમાં વપરાયેલ હતો. આ સિવાય તેઓને બીજું કંઈ કહેવાનું નથી.

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી કે.પી.આસરનાઓ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમા તેઓએ જણાવેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ તેઓને પોલીસ સ્ટેશન જવાનું બનેલ નથી. ફરીયાદ આપ્યા પછી પોલીસ સ્પોટ વેરિફિકેશન માટે આવેલ હતી, તે સિવાય આવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તા. ૧૩/૦૫/૨૦૧૬ ના રોજ પોલીસ બનાવવાળી જગ્યાનું પંચનામું કરવા આવેલ હોય અને તેમણે અંગુલીનિર્દેશથી જગ્યા બતાવેલ હોય, તેવું બનેલ છે. ફરીયાદ આપતી વખતે તથા સ્થળ પંચનામું કરતી વખતે તેમની ઓફિસ બનાવના સ્થળથી આશરે ૧૦૦ મીટર દૂર આવેલ છે, તેવું તેમણે પોલીસને જણાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ સ્થળથી ૧૦૦ મીટર દૂર તેમની ઓફિસ આવેલ જ ન હોય, જેથી તેમણે પોલીસને તેવું જણાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જામનગરથી ખંભાળિયા તરફ જતાં મેઘપર–પડાણાનું પાટિયું આવે તે પહેલાં રિલાયન્સ આવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રિલાયન્સ પૂર્ણ થયા બાદ જામનગરથી ખંભાળિયા તરફ જતાં ડાબી તરફ એક રસ્તો આવે અને તે રસ્તા ઉપર અંદાજે એક હજાર મીટર અંદર જઈએ તો સુખી હોટલ આવે. રિલાયન્સ પૂર્ણ થયા બાદ જામનગરથી ખંભાળિયા તરફ જતાં ડાબી તરફ એક રસ્તો આવે અને તે રસ્તા ઉપર આશરે ૧૦૦ મીટર અંદર જઈએ તો તૃપ્તિ હોટલ આવે. આ જ રોડ ઉપર ખંભાળિયા તરફ આગળ જતાં આશરે

૨૦૦ થી ૩૦૦ મીટર આગળ મેઘપર ગામનું પાટિયું આવે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મેઘપર ગામના પાટિયા પાસેથી તેમના ઘરે જવાનો રસ્તો આવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ઘરે જવાના રસ્તે આગળ જઈએ તો આરોપીનું ઘર આવે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેમની અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે બોલાચાલી થતાં ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને તેમાં ધક્કામુક્કી થતાં પડી જવાથી તેઓને ઈજાઓ થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ જાતિઓ કે કોમો વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય તેવા કોઈ ઉચ્ચારો કે કૃત્યો કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોય અને હોબાળો થઈ ગયેલ હોય, તેથી કોણ શું બોલતું હતું તેની તેઓને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ કોઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ સરકારી ખરાબાની જગ્યા છે અને ત્યાં કાચો ધૂળવાળો રસ્તો આવેલ છે. બનાવના અરસામાં આ સરકારી ખરાબાની જગ્યા પૂર્ણ થયા પછી દક્ષિણ તરફ તૃપ્તિ હોટલ હતી. બનાવના અરસામાં આ સરકારી ખરાબાની જગ્યાની આસપાસ તૃપ્તિ હોટલ સિવાય બીજી કોઈ બિલ્ડિંગ ન હતી. બનાવવાળી જગ્યાએ તૃપ્તિ હોટલ સિવાય પણ બીજા બાંધકામો આવેલ હોય, તેવું તેમણે પોલીસને બતાવેલ હતું. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સ્થળે આજુબાજુ આવેલ ઓફિસો, હોટલ, સર્વિસ સ્ટેશન વગેરે વપરાશમાં હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, રિલાયન્સ અને તેની આજુબાજુનો વિસ્તાર તથા જાહેર રોડ અને અન્ય જગ્યાઓ ખૂબ જ ભરચક થઈ ગયેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કામ માટે બહારથી આવેલ લોકો માટે કોલોનીઓ બની ગયેલ છે તથા માર્કેટ પણ બની ગયેલ છે. તેમણે પોલીસને જે બનાવનું સ્થળ બતાવેલ ત્યાંથી હાઈવે આશરે ૪૦ થી ૫૦ મીટર દૂર છે. બનાવ સ્થળે ઉભા હોઈએ અને હાઈવે તરફ નજર કરીએ તો હાઈવે દેખાય છે. બનાવ સ્થળે આવેલ સરકારી ખરાબા બાબતે તેમના પરિવાર તથા આરોપીઓના પરિવાર વચ્ચે કોઈ વિવાદ થયેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વર્ષ ૨૦૧૫

ની સાલમાં તેમના કાકા જીતેન્દ્રસિંહ જાડેજા સરપંચ હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વખતે રઘુવીરસિંહ કાથળજી કંચવાના પત્ની સભ્ય હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપી નં. ૧ રવિન્દ્રસિંહ કાથળજી કંચવા, રઘુવીરસિંહ કાથળજી કંચવાના પત્નીના જેઠ થાય છે. એ વાતનો ખ્યાલ નથી કે, તેઓ જે જગ્યાને સરકારી ખરાબાની જગ્યા કહે છે તે ગામતળની જગ્યા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સરકારી ખરાબાવાળી જમીન વેચાણ કરવા માટે ગ્રામ પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હતી અને તેની જાણ થતાં આરોપી નં. ૧ રવિન્દ્રસિંહ કાથળજી કંચવા દ્વારા તે બાબતે લેખિત વાંધો લેવામાં આવેલ હતો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે, સમયે અને સ્થળે તેઓ તથા અન્ય વ્યક્તિઓએ હાલના બંને આરોપીઓને માર મારેલ હોય તેવી ફરીયાદ તેમની સામે થયેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મેઘપર–પડાણા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુનો રજીસ્ટર નં. ૪૫/૨૦૧૬ થી તેઓ તથા જીતેન્દ્રસિંહ પથુભા, રાજેન્દ્રસિંહ અનુભા, કૃપાલસિંહ નવલસિંહ, કુલદીપસિંહ નવલસિંહ, મોહિતભાઈ બાબુભાઈ તથા દશરથસિંહ શિવુભા વિરુદ્ધ ગુનો દાખલ થયેલ છે અને તે ગુનાના કામે ચાર્જશીટ પણ થયેલ છે, જેનો ફોજદારી કેસ નં. ૧૧૧૮/૨૦૧૬ છે અને તેની ટ્રાયલ તેમની સામે ચાલી રહી છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે ગુનાના કામે જીવલેણ હથિયારો ધારણ કરી, ગેરકાયદેસર મંડળી રચી અને ગેરકાયદેસર મંડળીના સભ્યો તરીકે હાલના બંને આરોપીઓને લોખંડના પાઈપ અને લાકડી વડે માર મારવાના ગુનાના આક્ષેપસર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૨૪, ૩૨૫ અને ૫૦૬(૨) હેઠળ ચાર્જશીટ થયેલ છે. એ વાતનો ખ્યાલ નથી કે, તેમણે હાલનો ગુનો દાખલ કરાવેલ તે પહેલાં આરોપીઓએ તેમની વિરુદ્ધ ફરીયાદ કરી દીધી હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે હાલની ફરીયાદ બનાવ બન્યાના બીજા દિવસે આપેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓએ તેમની વિરુદ્ધ ફરીયાદ કરેલ હોવાથી તેમણે હાલની ફરીયાદ કરેલ છે. તેમને અત્યારે યાદ નથી કે, તા. ૧૮/૦૫/૨૦૧૬ ના રોજ પોલીસે તેમની વિરુદ્ધ દાખલ થયેલ ગુનો રજીસ્ટર નં. ૪૫/૨૦૧૬ ના કામે તેઓ સહિત તમામ આરોપીઓને અટક કરી અટક પંચનામું કરેલ હતું અને તેઓએ

બનાવમાં વાપરેલ હથિયારો પણ રજૂ કરેલ હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મેઘપર–પડાણા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુનો રજીસ્ટર નં. ૪૫/૨૦૧૬ ના કામે પોલીસે તેમની અટક કરેલ હતી અને તેઓ તે ગુનાના કામે જામીન ઉપર મુક્ત થયેલ હતા. મેઘપર–પડાણા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુનો રજીસ્ટર નં. ૪૫/૨૦૧૬ ના ગુનાના ચાર્જશીટ તથા પેપર્સ તેમણે વાંચેલ છે. સ્વેચ્છાએ જણાવે છે કે, વાંચેલ છે પરંતુ હાલ યાદ નથી. એ વાતનો ખ્યાલ નથી કે, આ કામના મુદ્દામાલ હથિયારો બજારમાંથી મળી શકે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના મુદ્દામાલ હથિયાર જેવી વસ્તુ બજારમાં લેવા જઈએ તો મળી શકે છે. આ બનાવમાં તેમના કે તેમની સાથેના કોઈપણ વ્યક્તિના કપડાં ફાટી ગયા હોય તેવા કપડાં તેમણે જાતે કે બીજા કોઈ મારફતે પોલીસમાં રજૂ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે કોઈપણ દિવસે તેમની પાસે આવી ફાટેલા કપડાં માંગેલ હોય અને તેમણે આપેલ હોય તેવું પણ બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આક્ષેપિત બનાવ બનેલ જ ન હોય અને તેમાં તેમના કે અન્ય કોઈ વ્યક્તિના કપડાં ફાટેલ જ ન હોય, જેથી તે પોલીસમાં રજૂ કરેલ નથી કે પોલીસે તેમની પાસેથી કબજે કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ "અમો નિયત સમયે અમારા ઘર તરફ જઈ રહ્યા હતા, ત્યારે અમારી ઓફિસથી ૧૦૦ મીટર દૂર હોટલ તૃપ્તિ નજીક સર્વિસ સ્ટેશન પાસે" તેવું તેમણે તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ "અમારી ગાડી વચ્ચે ઉતરી અમે કંઈ બોલીએ તે પહેલાં બીભત્સ તથા બહુ ભુંડી ગાળો બોલવા લાગેલા" તેવું તેમણે તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ "અમે કંઈ બોલીએ તે પહેલાં એ લોકો અમને માર મારવા લાગેલા" તેવું તેમણે તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી. સવાલ : તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ "નાના ભાઈ કુલદીપસિંહ જાડેજાને ડાબા હાથની આંગળીમાં લોખંડનો પાઇપ વાગતાં તે આંગળીનો નખ નીકળી ગયેલ હતો" તેવું તેમણે તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી ? જવાબ : આંગળીનો નખ નીકળી ગયેલ હતો અને ત્યાંથી લોહી નીકળેલ હતું તેવું તેમણે લખાવેલ છે. તેમના

નાના ભાઈની આંગળીને લોખંડનો પાઈપ વાગેલ હોય તેવું તેમણે પોલીસને લખાવેલ હતું કે કેમ તે તેમને યાદ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ "આ રવિન્દ્રસિંહ કંચવા તથા જયરાજસિંહ કંચવાએ કહેલ કે જો ગામની પ્રાથમિક શાળા અમારા ઘર પાસે બનશે તો અમે તમને જીવતા રહેવા દઈશું નહીં" તેવું તેમણે તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ શાળા બાબતના વિવાદ અને તેના કારણે આરોપીઓએ માર મારેલ હોવાની હકીકત તેમણે તેમની પોલીસ રૂબરૂ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મેઘપરમાં આવેલ સરકારી શાળા વર્ષોથી જ્યાં હતી આજે પણ ત્યાં જ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તે સરકારી શાળાની કોઈપણ કાર્યવાહી બાબતે તેમને ખબર ન પડે કારણ કે તેઓ પંચાયતનો કોઈ વહીવટ કરતા નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બંને આરોપીઓ તેમના મામા થાય છે, તેથી તેઓ તેમને બનાવ પહેલાંથી ઓળખે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જે બનાવની વાત કરે છે તેવો કોઈ બનાવ તેઓ જણાવે છે તે સ્થળે કે સમયે બનેલ જ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આક્ષેપિત ફરીયાદ મુજબની હકીકતવાળા કોઈ બનાવમાં આરોપીઓએ હાલના મુદ્દામાલ કે અન્ય કોઈ હથિયારથી તેમને કે અન્ય કોઈને માર મારેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ગામતળના પ્લોટ બાબતે તેમના કાકા વિરુદ્ધ આરોપી નં. ૧ દ્વારા ટી.ડી.ઓ. સાહેબને અરજી કરવામાં આવેલ હોવાથી તેઓ તથા તેમના પરિવારના અન્ય સભ્યો અને મિત્રોએ ખાર રાખી જીવલેણ હથિયારોથી હાલના આરોપીઓને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડેલ હતી અને તે અંગેની ફરીયાદમાંથી બચવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે. જેમા તેઓએ સરતપાસની હકીકતોને ખંડન કરે તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી.

પરંતુ ત્યારબાદ આ સાહેદની વધુ ઉલટતપાસ તા. ૧૩.૦૫.૨૦૨૬ ના રોજ વિ.વકીલશ્રી આર.કે.કંચવા દ્વારા કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેમની અને આરોપીઓ વચ્ચે સામાન્ય

બોલાચાલી થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે બોલાચાલી થતાં ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને તેમાં ધક્કામુક્કી થતાં પડી જવાથી તેમને ઈજાઓ થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ જાતિઓ કે કોમો વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય તેવા કોઈ ઉચ્ચારો કે કોઈ કૃત્યો કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોય અને હોબાળો થઈ ગયેલ હોય, તેથી કોણ શું બોલતું હતું તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ કોઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું બનેલ નથી.

આમ આ સાહેદની જુબાની જોતા આ સાહેદ પોતે ઈજા પામનાર અને નજરે જોનાર સાહેદ અને ઇન્જર્ડ આઇ વિટનેસ છે અને તેમની જુબાનીને ખુબ જ વધારે મહત્વ આપવાનુ રહે છે. પરંતુ આ સાહેદની ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતા ત્યા ઘણા માણસો ભેગા થઈ જતા પડી જવાથી ઈજા થયેલ તેનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે તે જોતા આ સાહેદની આરોપી તરફેની ઉલટતપાસમાં સરતપાસની હકીકતોનુ ખંડન થઇ ગયેલ હોવાનુ જણાય આવે છે.

(૧૩).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૯૪ થી પંચ સાહેદ કનૈયાલાલભાઈ સાજણભાઈ મોરી તથા આંક–૯૬ થી ઈશ્વરપરી પ્રેમપરી ગૌસ્વામી તથા આંક–૯૮ ગોવિંદભાઇ ખેરાજભાઇ અસ્વારને** તપાસેલા છે. આ તમામ પંચ સાહેદો છે અને તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને આ પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

(૧૪).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૧૧૦ થી સાહેદ દશરથસિંહ શીવુભા જાડેજાને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ

ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, "તેઓ ફરીયાદી જયદીપસિંહ નવલસિંહ જાડેજાને ઓળખે છે. તે જ રીતે આરોપી રવિન્દ્રસિંહ કાથળજી કંચવા તથા જયરાજસિંહ કાથળજી કંચવાને પણ ઓળખે છે. બનાવ તા. ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ મેઘપર ગામે તૃપ્તિ હોટલથી આગળ આવેલ સર્વિસ સ્ટેશન પાસેના રસ્તા ઉપર સાંજના આશરે સાડા ચાર વાગ્યાના ગાળામાં બનેલો હતો. બનાવ બન્યો તે સમયે તેઓ તેમના મોટાબાપાના દીકરા જીતેન્દ્રસિંહ પથુભા જાડેજાની ઓફિસે, જે ઓફિસ મેઘપર ગામમાં સર્વિસ સ્ટેશનની બાજુમાં આવેલ છે, પોતાના કામ અર્થે ગયેલ હતા. ત્યારબાદ તેઓ તથા તેમના મોટાબાપાના દીકરા જીતેન્દ્રસિંહ પથુભા જાડેજા, જયદીપસિંહ નવલસિંહ જાડેજા અને કુલદીપસિંહ નવલસિંહ જાડેજા એમ બધા લોકો પરત તેમના ઘરે, જે મેઘપર ગામમાં આવેલ છે, જતા હતા. તે સમયે તેઓ ગાડી લઈને જતા હતા ત્યારે સર્વિસ સ્ટેશનની બાજુમાં જયરાજસિંહ કાથળજી કંચવા તથા રવિન્દ્રસિંહ કાથળજી કંચવા રસ્તામાં આડા ઉતર્યા હતા અને તેમની સાથે મારામારી કરેલ હતી. જેમાં તેમને જમણા પગના ઘૂંટણના ભાગે મુઢ માર વાગેલ હતો. સદર મુઢ મારમાં ધોકો વાગેલ હતો. જયરાજસિંહ કાથળજી કંચવા પાસે લાકડાનો ધોકો હતો તથા રવિન્દ્રસિંહ કાથળજી કંચવાના હાથમાં લોખંડનો પાઇપ હતો. આ લોકોએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને ત્યારબાદ એક્ટિવા મોટરસાયકલ લઈ ત્યાંથી નાસી ગયેલ હતા. આ માર મારવાનું કારણ એવું હતું કે, તેમના ગામમાં આવેલી જૂની સરકારી શાળા જર્જરિત થઈ ગયેલ હતી અને તેમના મોટાબાપાના દીકરા જીતેન્દ્રસિંહ પથુભા જાડેજા સરપંચ હોવાથી શાળાની પરવાનગી અંગેની કામગીરી કરતા હતા. તે બાબતનો ખાર રાખી આરોપીઓએ તેઓને માર મારેલ હતો. આ બનાવમાં તેમને થયેલ ઈજાઓ અંગે તેમણે જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે સારવાર લીધેલ હતી. આરોપીઓ પાસે જે પાઇપ અને ધોકો હતો તે બતાવવામાં આવે તો તેઓ તેને ઓળખી શકે છે. તેમને આજરોજ નામદાર કોર્ટમાં મુદ્દામાલમાં રહેલ લાકડાનો ધોકો બતાવવામાં આવતા તેમણે જણાવેલ કે, આ તે જ ધોકો છે જે બનાવ વખતે આરોપી જયરાજસિંહ કાથળજી કંચવાના હાથમાં હતો. સદર મુદ્દામાલનો ધોકો સાક્ષી દ્વારા ઓળખી બતાવવામાં આવતા તેને આર્ટિકલ–

"એ" તરીકે દર્શાવવામાં આવેલ છે. તેમને આજરોજ નામદાર કોર્ટમાં મુદ્ધામાલમાં રહેલ લોખંડનો પાઇપ બતાવવામાં આવતા તેમણે જણાવેલ કે, આ પાઇપ બનાવ વખતે આરોપી રવિન્દ્રસિંહ કાથળજી કંચવાના હાથમાં જે પાઇપ હતો તે જ પાઇપ છે કે કેમ તે તેઓ કહી શકે તેમ નથી. તેઓ આરોપીઓને ઓળખે છે. આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર નથી, પરંતુ હાજર હોય તો તેઓ તેમને ઓળખી શકે તેમ છે. આજરોજ આરોપીઓ હાજર નથી.

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી આર.કે.કંચવા દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલછે જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેમના મામાના દીકરા થાય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ અને આરોપીઓ જન્મથી જ એક જ ગામમાં રહે છે. સવાલ :- તમે આજરોજ જે બનાવ અંગે જુબાની આપી છે તે બનાવ સંદર્ભે તમારી વિરુદ્ધ કોઈ ફરીયાદ થયેલ છે? જવાબ :- હા, થયેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તે ફરીયાદ સંદર્ભે તેમની ધરપકડ થયેલ હતી.એ વાતનો ખ્યાલ નથી કે, તેમની વિરુદ્ધ જે ફરીયાદ થયેલ હતી અને જે ફરીયાદમાં તેમની ધરપકડ થયેલ હતી,તે ફરીયાદ ફર્સ્ટ ગુનો રજીસ્ટર નં. ૪૫/૨૦૧૬ થી નોંધાયેલ હતી કે કેમ.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તે ફરીયાદ સંદર્ભે તેમની સામે ચાર્જશીટ દાખલ થયેલ છે.સ્વેચ્છાએ જણાવે છે કે, તેમાં તેમનું નામ પાછળથી લખાવવામાં આવેલ છે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફર્સ્ટ ગુનો રજીસ્ટર નં. ૪૫/૨૦૧૬ ના કામે તેઓ તથા તેમની સાથેના બીજા છ આરોપીઓ એકસાથે પોલીસ સ્ટેશનમાં હાજર થયેલ હતા અને તે વખતે તેમણે હથિયારો પણ પોલીસમાં રજૂ કરેલ હતા.તેમની સામે હાલમાં આ ફરીયાદ સંદર્ભેનો કેસ ચાલુ છે અને તે કેસનું ચાર્જશીટ તેમણે વાંચેલ છે.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તે ચાર્જશીટમાં તેમની તથા બીજા સહઆરોપીઓ સામે આ બનાવમાં અગાઉ રવિન્દ્રસિંહ તથા જયરાજસિંહને રોકી તેઓને ફ્રેક્ચર થઈ જાય તેવો માર માર્યાનો આક્ષેપ કરેલ છે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ વખતે તેઓ તથા જયદીપસિંહ નવલસિંહ, જીતેન્દ્રસિંહ પથુભા, રાજેન્દ્રસિંહ પથુભા, કુલદીપસિંહ નવલસિંહ, કૃપાલસિંહ નવલસિંહ તથા મોહિત બાબુભાઈ એમ કુલ સાત જણા ભેગા થયેલ હતા અને વાહન લઈ

રવિન્દ્રસિંહ કાથળજી તથા જયરાજસિંહ કાથળજી જ્યાં ઉભા હતા ત્યાં જઈ ધોકા, પાઇપ અને લાકડીઓ વડે માર મારેલ હતો.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવમાં રવિન્દ્રસિંહ કાથળજી તથા જયરાજસિંહ કાથળજીને ઈજાઓ થયેલ હતી અને તેઓ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ રહેલ હતા.એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ બનાવમાં રવિન્દ્રસિંહ કાથળજી તથા જયરાજસિંહ કાથળજીને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થયેલ હતી.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમની સામે ફ્રેક્ચરનો માર માર્યાની કલમો લાગેલ છે.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર માર્ગ છે અને કોઈની માલિકીની જગ્યા નથી.એ વાતનો ખ્યાલ નથી કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ સરકારી ખરાબો આવેલ છે કે કેમ.એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ તથા બીજા છ જણા વાહન લઈ તેમના મોટાબાપાના દીકરાની ઓફિસેથી નીકળ્યા બાદ તૃપ્તિ હોટલ આગળ સરકારી ખરાબાની જમીનની બાજુમાં આવેલ ધૂળિયા રસ્તા ઉપર રવિન્દ્રસિંહ કાથળજી તથા જયરાજસિંહ કાથળજી ઉપર હુમલો કરેલ હતો.એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમના જણાવ્યા મુજબની જૂની સરકારી શાળાની પરવાનગી બાબતે તેમના મોટાબાપાનો દીકરો સરપંચ તરીકે કાર્યવાહી કરતો હતો તેનો ખાર રાખી આ બનાવ બનેલ નથી, પરંતુ તૃપ્તિ હોટલ પાસેની સરકારી ખરાબાની જમીન વેચવાની પેરવી તેમના ભાઈ જીતેન્દ્રસિંહ કરતા હોવાથી રઘુવીરસિંહ દ્વારા અરજી કરવામાં આવેલ અને તેનો ખાર રાખી તેમણે હુમલો કરેલ હતો.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સને ૨૦૧૫ માં તેમના ભાઈ જીતેન્દ્રસિંહ સરપંચ હતા અને તે સમયે રઘુવીરસિંહ કાથળજી કંચવાના પત્ની ભારતીબા સભ્ય હતા.એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ જયરાજસિંહ અને રવિન્દ્રસિંહ ભારતીબાના જેઠ થાય છે.એ વાતનો ખ્યાલ નથી કે, સને ૨૦૧૫ દરમિયાન પંચાયતના કાર્યો બાબતે ભારતીબા, જયરાજસિંહ તથા રઘુવીરસિંહ દ્વારા વાંધા લેવામાં આવતા મનદુઃખ શરૂ થયેલ હતું.સવાલ :- જુવાનસંગ દેવાજી નામના કોઈ વ્યક્તિ તમારા ગામમાં રહે છે? જવાબ :- જુવાનસંગ દેવાજી નામના કોઈ વ્યક્તિ તેમના ગામમાં રહેતા નથી, પરંતુ જીવણસંગ દેવાજી નામના વ્યક્તિ રહે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમનું ગામ જામનગરથી દ્વારકા જતા નેશનલ હાઈવે ઉપર આવેલ છે. એ વાતનો ઈન્કાર

કરેલ છે કે, જીવણસંગ દેવાજીની જમીનની બાજુમાં ગામતળની જમીન છે. સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાં તેમના મોટાબાપાના દીકરાઓની જમીન આવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ગામતળની જમીન કોઈને ફાળવવામાં ન આવે તે માટે રવિન્દ્રસિંહ કાથળજીએ અરજી કરેલ હોવાથી તેમના પરિવાર અને રવિન્દ્રસિંહ કાથળજીના પરિવાર વચ્ચે વાંધા પડેલ હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના જણાવ્યા મુજબ મુદ્દામાલ આર્ટિકલ-"એ" ધોકો છે, લાકડી નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મુદ્દામાલ આર્ટિકલ-"એ" જેવો ધોકો બજારમાં સહેલાઈથી મળી શકે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે પોલીસ સમક્ષ આપેલ નિવેદનમાં કુલદીપસિંહ તેમની સાથે હોવાનું લખાવેલ નથી. જવાબમાં તેઓ જણાવે છે કે, આજરોજ તેમણે સરતપાસમાં બનાવ જે રીતે બનેલો હતો તે મુજબ જણાવ્યું છે, જ્યારે તેમના ભત્રીજા જયદીપસિંહે ફરીયાદમાં તે હકીકત લખાવેલ હતી, પરંતુ તેમણે પોલીસ સમક્ષના નિવેદનમાં તે હકીકત લખાવેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તેમના પોલીસ નિવેદનમાં તથા ડોક્ટર સમક્ષ આપેલ હિસ્ટ્રીમાં "મને મુઢ મારમાં ધોકો વાગેલ હતો" તેવું લખાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તા. ૦૭/૦૭/૨૦૧૬ ના રોજ પોલીસે તેમનું નિવેદન લીધેલ હતું. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જેવો બનાવ જણાવે છે તેવો કોઈ બનાવ બનેલ નથી અથવા તેમણે જણાવેલ સ્થળે કે સમયે આરોપીઓએ કોઈ હથિયાર વડે તેમને કે તેમની સાથેના કોઈ વ્યક્તિને ઈજા પહોંચાડેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે તથા અન્યોએ ગેરકાયદેસર મંડળી રચી જીવલેણ હથિયારો સાથે આરોપીઓ ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડેલ હતી અને તેમાંથી બચાવ મેળવવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

પરંતુ ત્યારબાદ આ સાહેદની વધુ ઉલટતપાસ તા. ૧૩.૦૫.૨૦૨૬ ના રોજ વિ.વકીલશ્રી આર.કે.કંચવા દ્વારા કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેમની અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે

બોલાચાલી થતાં ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને તેમાં ધક્કામુક્કી થતાં પડી જવાથી તેમને ઈજાઓ થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ જાતિઓ કે કોમો વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય તેવા કોઈ ઉચ્ચારો કે કોઈ કૃત્યો કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોય અને હોબાળો થઈ ગયેલ હોય, તેથી કોણ શું બોલતું હતું તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ કોઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું બનેલ નથી.

આમ આ સાહેદની જુબાની જોતા આ સાહેદ પોતે ઈજા પામનાર અને નજરે જોનાર સાહેદ અને ઈન્જર્ડ આઈ વિટનેસ છે અને તેમની જુબાનીને ખુબ જ વધારે મહત્વ આપવાનુ રહે છે. પરંતુ આ સાહેદની ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતા ત્યા ઘણા માણસો ભેગા થઇ જતા પડી જવાથી ઈજા થયેલ તેનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે તે જોતા આ સાહેદની આરોપી તરફેની ઉલટતપાસમાં સરતપાસની હકીકતોનુ ખંડન થઇ ગયેલ હોવાનુ જણાય આવે છે.

(૧૫).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૧૧૨ થી સાહેદ ગણેશદાસ સુરામદાસ દાસને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," તેમની મેઘપર ગામમાં શાકભાજીની દુકાન છે અને સને ૨૦૧૬ ની સાલમાં પણ તેઓ તે દુકાન ચલાવતા હતા. તેઓ મેઘપર ગામના સને ૨૦૧૬ ના સરપંચ જીતુભાને ઓળખે છે. આજરોજ જીતુભા કોર્ટમાં હાજર નથી. એક વખત પોલીસે તેમને બોલાવેલ હતા અને ઝઘડાના બનાવ વિષે પૂછેલ હતું, પરંતુ તે દિવસે તેમની શાકભાજીની દુકાન બંધ હોય જેથી તેમને આ બનાવ વિષે કોઈ જાણકારી ન હતી. તેમણે પોલીસને પણ જણાવેલ હતું કે, તેમને બનાવ વિષે કોઈ જાણકારી નથી. પોલીસે તેમને એવું કહેલ હતું કે, "એક સહી કરી દે, તને કંઈ નહીં થાય", જેથી તેમણે સહી કરેલ હતી. આ વાતને કેટલો સમય થયો તે તેમને યાદ નથી. તેમણે પોતાની દુકાન સામે કોઈ ઝઘડો થતો જોયેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોઈ જેથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલછે જેમાં તેઓએ તેમની દુકાન મેઘપર ગામે તૃપ્તિ હોટલથી આગળ, કેનેરા બેંક પાસે આવેલ છે. આગળ પહેલા સડક, ત્યારબાદ તેમની દુકાન અને પછી તૃપ્તિ હોટલ આવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જે તે સમયે જીતુભા સરપંચ હોવાથી તેઓ તેમને ઓળખે છે. તેમની દુકાન સામાન્ય રીતે સવારે ૮ વાગ્યે ખુલતી હતી અને બપોરે ૧૧ વાગ્યે બંધ થતી હતી તથા બપોરે ૪ વાગ્યે ફરી ખુલતી હતી અને સાંજે ૭ થી ૮ વાગ્યા દરમિયાન બંધ થતી હતી. સને ૨૦૧૬ માં તેમની દુકાને તેઓ પોતે જ બેસતા હતા.

(૧૬).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૧૧૩ થી સાહેદ કુલદીપસિંહ નવલસિંહ જાડેજાને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," ફરીયાદી જયદીપસિંહ નવલસિંહ તેમના મોટાભાઈ થાય છે તથા જીતુભા પથુભા તેમના કાકા થાય છે. તેઓ રવિન્દ્રસિંહ કાથળજી કંચવા તથા જયરાજસિંહ કાથળજી કંચવાને ઓળખે છે. બનાવ તા. ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ સાંજના આશરે ૪:૩૦ વાગ્યાના ગાળામાં બનેલો હતો. તે સમયે તેઓ, તેમના મોટાભાઈ જયદીપસિંહ, તેમના કાકા જીતુભા તથા દશરથસિંહ એમ તેમની ઓફિસ, જે તૃપ્તિ હોટલથી આશરે ૫૦ થી ૧૦૦ મીટર દૂર આવેલ છે, ત્યાંથી મેઘપર ગામે આવેલ તેમના ઘરે ફોરવ્હીલ ગાડીમાં જઈ રહ્યા હતા. તેઓ તૃપ્તિ હોટલ પાસે આવેલ સર્વિસ સ્ટેશન પાસે પહોંચ્યા ત્યારે રવિન્દ્રસિંહ કાથળજી કંચવા તથા જયરાજસિંહ કાથળજી કંચવા એમ બંનેએ રસ્તા ઉપર તેમને રોકી ગંદી ગાળો બોલેલ હતી તથા તેમના ઉપર હુમલો કરેલ હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. તે સમયે જયરાજસિંહના હાથમાં લાકડાનો ધોકો હતો તથા

રવિન્દ્રસિંહના હાથમાં લોખંડનો પાઈપ હતો. આ મારામારીમાં તેમને હાથમાં, પગમાં તથા વાંસાના ભાગે મુઢ માર વાગેલ હતો તથા ડાબા હાથની ટચલી આંગળીનો નખ નીકળી ગયેલ હતો. આરોપીઓએ તેમના ઉપર હુમલો કરવાનું કારણ એવું હતું કે, તેમના કાકા જીતુભા મેઘપર ગામના સરપંચ હતા અને ગામની શાળા જર્જરિત થઈ ગયેલ હોવાથી તે શાળા ઉતારી લેવાની તથા તે અંગેની સરકારી કાર્યવાહી કરતા હતા. જૂની શાળા પાડી તેના સ્થાને નવી શાળા બનાવવાની કામગીરી પણ તેઓ કરતા હતા. રવિન્દ્રસિંહ કાથળજી કંચવા તથા જયરાજસિંહ કાથળજી કંચવા જૂની શાળા ઉતારી નવી શાળા બાંધવાના કાર્યનો વિરોધ કરતા હતા અને તે બાબતનો ખાર રાખી તેમણે આ હુમલો કરેલ હતો. તેમને મુદ્દામાલ આર્ટિકલ– "એ" વાળો ધોકો બતાવવામાં આવતા તેમણે જણાવેલ કે, આ તે જ ધોકો છે જે બનાવ વખતે આરોપી જયરાજસિંહ કાથળજી કંચવાના હાથમાં હતો. તેમને મુદ્દામાલમાંથી એક પાઈપ બતાવવામાં આવતા તેમણે જણાવેલ કે, આ તે જ પાઈપ છે જે બનાવ વખતે આરોપી રવિન્દ્રસિંહ કાથળજી કંચવાના હાથમાં હતો. સદર મુદ્દામાલ પાઈપને સાક્ષી દ્વારા ઓળખી બતાવવામાં આવતા તેને મુદ્દામાલ આર્ટિકલ– "બી" તરીકે દર્શાવવામાં આવેલ છે.

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલછે જેમાં તેઓને સવાલ પુછવામાં આવેલ છે કે :– તમે જે કેસ સંબંધે જુબાની આપો છો તે કેસ સંબંધે તમારી સામે કોઈ ગુનો દાખલ થયેલ છે ? જેના જવાબમાં તેઓએ જણાવેલ કે, આ કેસ છે તે જ. બીજો કોઈ કેસ થયેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મેઘપર પડાણા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર. નં. ૪૫/૨૦૧૬ થી તેમના તથા અન્ય આરોપીઓ સામે ગુનો દાખલ થયેલ છે અને તેમાં તેમની સામે ચાર્જશીટ દાખલ થતાં તે ગુનાના કામે ફોજદારી કેસ નં. ૧૮૧૧/૨૦૧૬ થી હાલ કેસ ચાલુ છે. સવાલ :– પોલીસે તેમની સામે દાખલ થયેલ ફરીયાદ સંદર્ભે તેમજ તેઓ હાલ જે ફરીયાદ સંદર્ભે જુબાની આપે છે તે બંને ફરીયાદોના સંબંધમાં તેમની પૂછપરછ કરેલ હતી ? જવાબ :– તેઓએ જણાવેલ કે, બંને કેસમાં પૂછપરછ કરેલ નથી. પોલીસે તેમની એક જ જુબાની લીધેલ છે. તેઓ ધોરણ ૧૧ પાસ છે અને તેમને

ગુજરાતી લખતા તથા વાંચતા આવડે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તા. ૧૮/૦૫/૨૦૧૬ ના રોજ પોલીસે તેમની પૂછપરછ કરેલ હતી. સવાલ :– પોલીસે તેમનું જે નિવેદન લીધેલ હતું તે તેમણે વાંચેલ હતું ? જવાબ :– તેઓએ જણાવેલ કે, ના, તેમણે નિવેદન વાંચેલ ન હતું. સવાલ :– પોલીસે તેમનું નિવેદન કેવી રીતે લીધેલ હતું ? જવાબ :– તેઓએ જણાવેલ કે, પોલીસે તેમને પૂછતાં જઈ કાગળમાં લખેલ હતું. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ હતું કે, "આજરોજ તમો પોલીસ મને અમારા ગામના જયરાજસિંહ કાથળજી કંચવા વિગેરેને મેં તથા મારા કાકા જીતુભા પથુભા તથા મારા ભાઈ જયદીપસિંહ નવલસિંહ તથા કિરપાલસિંહ નવલસિંહ અને રાજેન્દ્રસિંહ પથુભા તથા મોહિત ભેળા વિગેરેએ તા. ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ મેઘપર ગામના પાટીયા પાસે માર મારવાની જે ફરીયાદ જયરાજસિંહ કાથળજીએ કરેલ છે તે સંબંધે પૂછતા જણાવું છું કે" એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, બનાવ તા. ૧૧/૦૫/૨૦૧૬ ના રોજ સાંજના ૪:૩૦ વાગ્યાના ગાળામાં બનેલો હતો અને તે વખતે રવિન્દ્રસિંહ કાથળજી તથા જયરાજસિંહ કાથળજી એ રીતેના બંનેએ રસ્તા ઉપર તેમને રોકીને ગંદી ગાળો બોલેલ હતી. સવાલ :– તો આ બનાવ સંબંધે આજ દિવસ સુધીમાં પોલીસ રૂબરૂ આપેલ નિવેદનમાં, કે બીજી કોઈ પણ જગ્યાએ આપેલ નિવેદનમાં, કે ડોક્ટર સમક્ષ અથવા તો કોર્ટ રૂબરૂ લેવાયેલ સરતપાસમાં કોઈ પણ જગ્યાએ એવી હકીકત જણાવેલ નથી કે, આ બનાવમાં રવિન્દ્રસિંહ કાથળજી અને જયરાજસિંહ કાથળજીને ઈજાઓ થયેલ હતી ? જવાબ :– તેઓએ જણાવેલ કે, સાચી વાત છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફર્સ્ટ ગુ.ર. નં. ૪૫/૨૦૧૬ ના કામે તેમની ધરપકડ થઈ ત્યારે તેઓ ગુનાના કામે વાપરેલ લાકડી સાથે હાજર થયેલ હતા. સવાલ :– તા. ૧૮/૦૫/૨૦૧૬ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમણે એવી હકીકત લખાવેલ છે કે, જયરાજસિંહ કાથળજી વિગેરે સાથે તકરાર થયેલ ત્યારે તેમના હાથમાં લાકડી હતી અને તે સાથે લઈ પોલીસ સ્ટેશનમાં હાજર થતાં પોલીસે તેમને પકડેલ હતા ? (પ્રશ્ન સામે વાંધો લેવામાં આવેલ હોવાથી કોર્ટ દ્વારા પ્રશ્ન નામંજુર કરવામાં આવેલ.) સવાલ :– જે સ્કૂલ ઉતારવા બાબતની

હકીકત તેમણે સરતપાસમાં જણાવેલ છે તે સ્કૂલ આજની તારીખે પણ તે જ જગ્યાએ તે જ સ્થિતિમાં છે ? જવાબ :- તેઓએ જણાવેલ કે, સ્કૂલ તે જ જગ્યાએ હાલ અસ્તિત્વમાં છે, પરંતુ તેની સ્થિતિ બદલાયેલ છે. અગાઉ જૂની સ્કૂલ હતી અને હવે નવી બનાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના કહેવા મુજબ સ્કૂલ નવી બનતા તેની સ્થિતિ (દેખાવ અને દિશા) બદલાઈ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, જે તે વખતે સ્કૂલનું મોઢું તેમના કાકા, જેઓ સરપંચ હતા, તેઓ ફેરવીને આરોપીના ઘર તરફ કરતા હતા અને તેથી આરોપીઓએ તે બાબતે વાંધો લીધેલો તથા તકરાર થયેલ હતી. તેમણે હાલના આરોપીઓના મકાનો જોયેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલ જે સ્કૂલ છે તેનું મોઢું કે પછવાડું આરોપીઓના ઘર તરફ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે ઓળખેલ મુદ્દામાલની લાકડી અને પાઈપમાં સામાન્ય લાકડી અને પાઈપ કરતાં કોઈ વિશેષતા નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ કે, તે ધોકો હતો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓને તેઓએ તથા અન્યોએ ભેગા મળી જીવલેણ હથિયારો વડે, ગેરકાયદેસર મંડળી રચી, ગંભીર ઈજાઓ પહોંચાડેલ હોય અને તે બાબતની ફરીયાદના કામે બચાવ ઉભો કરવા હાલની ખોટી ફરીયાદના કામે ખોટા સાક્ષી તરીકે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આક્ષેપિત બનાવ સમયે તેમણે લાકડી વડે આરોપીઓને ઈજા પહોંચાડેલ હતી અને તે લાકડી તેમની સામે દાખલ થયેલ ગુનાના કામે પંચનામાની વિગતે રજૂ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, હાલના બનાવમાં તેમને કોઈ ઈજા થયેલ ન હોવા છતાં તેઓ ખોટું જણાવે છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

પરંતુ ત્યારબાદ આ સાહેદની વધુ ઉલટતપાસ તા. ૧૩.૦૫.૨૦૨૬ ના રોજ વિ.વકીલશ્રી આર.કે.કંચવા દ્રારા કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેમની અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે બોલાચાલી થતાં ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને તેમાં ધક્કામુક્કી થતાં પડી જવાથી તેમને ઈજાઓ થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ જાતિઓ કે કોમો વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય

તેવા કોઈ ઉચ્ચારો કે કોઈ કૃત્યો કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોય અને હોબાળો થઈ ગયેલ હોય, તેથી કોણ શું બોલતું હતું તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ કોઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું બનેલ નથી.

આમ આ સાહેદની જુબાની જોતા આ સાહેદ પોતે ઈજા પામનાર અને નજરે જોનાર સાહેદ અને ઇન્જર્ડ આઇ વિટનેસ છે અને તેમની જુબાનીને ખુબ જ વધારે મહત્વ આપવાનુ રહે છે. પરંતુ આ સાહેદની ઉલટતપાસમાં તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતા ત્યા ઘણા માણસો ભેગા થઇ જતા પડી જવાથી ઈજા થયેલ તેનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે તે જોતા આ સાહેદની આરોપી તરફેની ઉલટતપાસમાં સરતપાસની હકીકતોનુ ખંડન થઇ ગયેલ હોવાનુ જણાય આવે છે.

(૧૭).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૧૨૮ થી સાહેદ જીતેન્દ્રસિંહ પથુભા જાડેજા ને** તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે," સને ૨૦૧૬ ની સાલમાં તેઓ મેઘપર ગામના સરપંચ હતા. આજથી આશરે ૧૦ વર્ષ પહેલા સાંજના આશરે ૪ વાગ્યે મેઘપર ગામના પાટીયા પાસે તેઓ, તેમના ભત્રીજા જયદીપસિંહ તથા કુલદીપસિંહ તેમજ તેમના કુટુંબી ભાઈ દશરથસિંહ હાજર હતા. તે સમયે જયરાજસિંહ જાડેજા તથા રવિન્દ્રસિંહ કંચવા સાથે ગામની જૂની પ્રાથમિક શાળા જર્જરિત થઈ ગયેલ હોય ત્યાં નવી શાળા બનાવવા મંજૂરી મેળવવાની કાર્યવાહી તેઓ કરતા હોય તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હતી. તે સમયે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ જતા ધક્કામુક્કીમાં પડી જવાથી તેમને ખભાના ભાગે તથા પગના ભાગે ઈજાઓ થયેલ હતી. આ સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી તથા આ સિવાય બીજું કાંઈ તેઓને જણાવવાનું નથી. પોલીસે તેમની પૂછપરછ કરેલ હતી. આરોપીઓ તેમના ગામના હોય, તેઓને જોઈને તેઓ ઓળખી શકે છે. આજરોજ કોર્ટમાં હાજર ઇસમો તે જ આરોપીઓ છે.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોઈ જેથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી કોઈ હકિકત જણાવેલ નથી.

આ સાહેદની આરોપી તર્ફે તેમના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલછે જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેમની અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે બોલાચાલી થતાં ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ હતા અને તેમાં ધક્કામુક્કી થતાં પડી જવાથી તેમને ઈજાઓ થયેલ હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ જાતિઓ કે કોમો વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય તેવા કોઈ ઉચ્ચારો કે કોઈ કૃત્યો કરેલ નહોતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ઘણા માણસો ભેગા થઈ ગયેલ હોય અને હોબાળો થઈ ગયેલ હોય, તેથી કોણ શું બોલતું હતું તેની તેમને ખબર નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ કોઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું બનેલ નથી.

(૧૮).. ફરીયાદ પક્ષે આ સિવાય બીજા કોઇ સાહેદોને તપાસેલા નથી અને ફરીયાદપક્ષના પડેલ પુરાવાઓનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરીયે તો ફરીયાદપક્ષ એવી હકીકત લઈ અદાલત સમક્ષ આવેલ છે કે, ફરીયાદી અને આરોપીઓ એક જ ગામના છે અને તેમના ગામમાં જુની સ્કુલ જે જર્જરીત થઇ ગયેલ હોય તે દુર કરી તેના બદલે નવી સ્કુલ બાંધવાની પરવાનગી આવી ગયેલ હોય પરંતુ આરોપીઓએ આ જગ્યા નવી સ્કુલ બંધાવવા માટે સંમત ન હોય અને જુની સ્કુલ જે હતી તે સ્કુલવાળી જગ્યામાંથી આરોપીઓને રસ્તા તરીકે તે જમીનનો ઉપયોગ કરતા હોય અને જેથી આ જ જગ્યાએ નવી સ્કુલ બાંધવા સામે આરોપીઓને વાંધો હોય અને તે બાબતનુ મનદુ:ખ રાખી આરોપીઓએ ફરીયાદી તથા તેમની સાથેના માણસોને બનાવ વખતે મારક હથિયારો વડે

માર મારી, ગાળો બોલી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો આચરેલ છે તેવી હકીકત લઇને ફરીયાદ પક્ષ અદાલત સમક્ષ આવેલ છે.

હવે આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો પૈકી આંક-૮૦ થી જુબાની આપનાર જયદીપસિંહ નવલસિંહ જાડેજા, આંક-૧૧૦ થી જુબાની આપનાર દશરથસિંહ શીવુભા જાડેજા, આંક-૧૧૩ થી જુબાની આપનાર કુલદીપસિંહ નવલસિંહ જાડેજા, આંક-૧૨૮ થી જુબાની આપનાર જીતેન્દ્રસિંહ પથુભા જાડેજા આ તમામ સાહેદો ઈજા પામનાર અને નજરે જોનાર સાહેદો છે અને તે સાહેદો ઇન્જર્ડ આઇ વિટનેસ હોય તેઓની જુબાનીને ખુબ જ વધારે મહત્વ આપવાનુ રહે છે અને આ તમામ સાહેદોએ બચાવપક્ષેની ઉલટતપાસમાં સ્પષ્ટપણે બનાવ વખતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ અને આ બોલાચાલી થતા ત્યાં ઘણા માણસો ભેગા થઈ ગયેલ હતા અને તેમાં ધક્કામુક્કી થતાં પડી જવાથી તેમને ઈજાઓ થયેલ હોવાનુ સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ છે અને તે જ રીતે બનાવ વખતે આરોપીઓએ ગાળો બોલેલ ન હોવાનુ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનુ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. તે સંજોગોમાં જયારે ખુદ ઈજા પામનારાઓએ બનાવ વખતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ અને આ બોલાચાલી તથા ત્યા ઘણા માણસો ભેગા થઇ જતા ધકા મુકીમાં પડી જવાથી તેઓને ઈજા થયેલ હોવાનો સ્વીકાર કરેલ છે. ત્યારે મેડીકલ સર્ટીફીકેટ કે પંચનામા ઉપરથી બનાવ વખતે આરોપીઓએ તેઓને મારક હથીયારોથી માર મારેલ હોવાનુ માની શકાય નહી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો શંકા રહીત પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલ છે તેવા તારણ ઉપર હું આવેલ છું અને મુદ્દા નં-૧ નો જવાબ હું નકારમાં આપું છું અને મુદ્દા નં-૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–//<u>આખરી હુકમ</u>//–**

(૧) આ કામના આરોપીઓ નં.**(૧) રવિન્દ્રસિહ કાથલજી કંચવા (૨) જયરાજસિંહ કાથળજી કંચવા** નાઓને તેઓના વિરૂદ્ધના ઇ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં તેઓની હાજરી સુનિશ્ચિત કરવાના હેતુથી દરેક આરોપીએરૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

(૩) મુદામાલ અંગે વચગાળાનો જે હુકમ થયેલ છે તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઇ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય વિત્યે મુદામાલ તેના મુળ માલીકની ખરાઇ કરી તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ બિનકિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ ફરમાવુ છુ.

આ હુકમ આજ તા. ૧૭ મી, માહે– જુન સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– લાલપુર.
તા.૧૭/૦૬/૨૦૨૬

(એ.એ.વાયડા)
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર
યુ.આઇ.સી.નં–જી.જે.૦૦૯૮૬